# ખાસ અહેવાલ: હીરા બજાર સુધારાના તબક્કામાં

## કારોબારી અહેવાલ

### પોલીશ્ડ હીરાના ભાવ ફરી ૨૦૦૮ની પ્રારંભિક સપાટી પર

- ૨૦૧૦માં પ્રમાણિત પોલીશ્ડ હીરાના સરેરાશ ભાવમાં ૧૦.૩૦ ટકાનો વધારો નોંધાયો
- ૨૦૧૦ના પ્રથમ છ માસમાં ભાવમાં ૯.૩૦ ટકાનો વધારો અને ત્યારબાદ સ્થિર થઈને બીજા છ માસમાં ૧ ટકા વધ્યા.
- નાતાલની રજાની મોસમ અપેક્ષા કરતાં સારી રહેવાના સંકેતને પગલે ડીસેમ્બર માસમાં ભાવ વધુ મજબૂત બન્યા.
- ખરીદદારો દ્વારા ભાવનો જોરદાર પ્રતિરોધ તથા આખા વર્ષ દરમિયાન ઉત્પાદન માર્જિન પર તાણથી વેપાર પ્રભાવિત રહ્યો હતો.

### પોલીશ્ડ હીરાના વેપારમાં સુધારો

- અમેરિકા, હોંગકોંગ/ચીન તથા જાપાનની ઉપભોગ બજારોએ તેમની પોલીશ્ડ હીરાની આયાત વધારી હતી. અમેરિકા અને હોંગકોંગની પોલીશ્ડ હીરાની નિકાસમાં પણ ૨૦૦૯ની સરખામણીએ નોંધપાત્ર સુધારો થયો હતો.
- ભારત ખાતેથી પોલીશ્ડ હીરાની આયાત તથા નિકાસ ૨૦૦૮ તથા ૨૦૦૯ કરતાં ઘણી વધુ રહી હતી. ઘરઆંગણેની ઝવેરાત બજારે આયાત વધારી હતી.
- ઈઝરાયલ અને બેલ્જિયમની પોલીશ્ડ આયાતમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવાઈ છે જે મજબૂત આંતર-વેપાર વ્યવહાર થયાના અથવા ભવિષ્યમાં ભાવ વધવાની અપેક્ષાએ માલ જમા થઈ રહ્યાના સંકેત આપે છે.

### રફનો વેપાર વધ્યો

- સરળ બેન્ક ધિરાણ મળી રહેતાં ભારતની રફ હીરાની આયાત ૨૦૦૮ની સપાટી કુદાવી જતાં રફ બજારમાં ભારતનું પ્રભુત્વ વધ્યું હતું.
- ઈઝરાયલ અને બેલ્જિયમની આયાત તથા નિકાસમાં થયેલો વધારો વેપારમાં વૃદ્ધિના સંકેત આપે છે પરંતું આ કેન્દ્રોમાં ઉત્પાદનમાં ઘટાડાની શકયતા જોવાઈ રહી છે.
- રફ હીરાના ઊંચા ભાવને કારણે ખાણ કંપનીઓનું વેચાણ વધ્યું હતું જ્યારે પૂરવઠો અટકી પડયો હતો.
- ૨૦૧૦ માં વૈશ્વિક ઉત્પાદનમાં અંદાજે ૯ ટકાનો વધારો થયો હતો પરંતુ ૨૦૦૮ કરતાં અંદાજે ૧૬ ટકા નીચું રહ્યું હતું.

### નાતાલની હકારાત્મક ઘરાકી

- અમેરિકામાં ધીમા સુધારાથી વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં ઝવેરાતની ઉપભોગ માંગ વધી હતી અને રીટેલરોની નાતાલની ઘરાકી સારી રહેતાં વેચાણ અપેક્ષા કરતાં સારું રહ્યું હતું.
- અમેરિકામાં ઊંચા ભાવને કારણે કુલ વેચાણ મૂલ્ય ઊંચું રહ્યું હતું જે રીટેલરો મંદી પૂર્વે જે વોલ્યુમથી વેચાણ કર્યું હતું તેવું વેચાણ કરી નહી રહ્યાં હોવાના સંકેત આપે છે.
- ભારત અને ચીનના વિકાસને કારણે પશ્ચિમની મંદીની અસર સરભર થઈ ગઈ હતી.

### તારણ

૨૦૧૧ના પ્રથમ છ માસમાં રફના ભાવ ફરી વધવાની આગાહીને જોતાં ઉત્પાદન માર્જિન દબાણ હેઠળ રહેવાની ધારણાં રખાય છે. જાન્યુઆરીના પ્રારંભમાં જોવાઈ હતી તે પ્રમાણે પોલીશ્ડના ભાવમાં મજબૂતાઈ જળવાઈ રહેવાની અપેક્ષા છે. પોલીશ્ડમાં વૃદ્ધિ હજુપણ રફ કરતાં ધીમી રહેવાની ધારણાં છે. કોઈ આર્થિક ઉથલપાથલને બાદ કરીએ તો ૨૦૧૧માં હીરા ક્ષેત્રનાં દરેક ઘટકોનો વિકાસ થવાની અપેક્ષા રખાય છે પરંતુ ઉત્પાદકો માટે ફરી એર વાર કપરાં ચઢાણ જોવાઈ રહ્યાં છે.

## ૧. રજૂઆત

હીરા બજાર માટે ૨૦૧૦ના વર્ષનો અંત તેના પ્રારંભ કરતાં ઘણો સારો રહ્યો હતો. ૨૦૧૦ દરમિયાન પ્રમાણિત પોલીશ્ડ હીરાના સરેરાશ ભાવમાં ૧૦.૩૦ ટકાનો વધારો થયો હતો, જે રેપાપોર્ટ ડાયમન્ડ ટ્રેડિંગ નેટવર્ક - રેપનેટ પરથી જાણી શકાય છે. ૨૦૦૯ સરખામણીએ નબળું વર્ષ રહ્યું હોવાનું ધ્યાનમાં રાખીને આર્થિક તથા હીરા ઉદ્યોગ માટે લેવાયેલા પગલાંથી પોલીશ્ડના ભાવ અને વેપાર વોલ્યુમ ૨૦૦૮ના પ્રારંભના સ્તર એટલે કે મંદી પૂર્વેના સ્તરે પહોચ્યા હતા.

ભાવ પર અસર થાય તેવી  કોઈ મોટી નાટકીય ઘટના ૨૦૧૦માં ઘટી નહોતી છતાં આ વર્ષ કોઈ ઘટના વગરનું પસાર થયું છે એમ કહી ન શકાય. ઝિમ્બાબ્વેની મરાંગે ખાણના ઊભા થયેલા વિવાદે રફ માટે મજબૂત માંગ ઊભી કરી હતી અને ડી બીઅર્સ તથા રશિયાના ગોખરણ ભંડાર દ્વારા અમલી મર્યાદિત પૂરવઠા નીતિ સામે પ્રશ્ન ઊભો થયો હતો. આ નીતિને કારણ વર્ષના અંતે બજારમાં માલની ખેંચ ઊભી થઈ હતી.

નાતાલની ઘરાકીની મોસમમાં ઉપભોગ માટેના ઝવેરાતની માંગમાં અપેક્ષા કરતાં સારો સુધારો થવા છતાં આર્થિક ચિંતા યથાવત રહી હતી. યુરોપની દેવાની સ્થિતિએ સરકારને સખત પગલાં લેવા મજબૂર કરી હતી અને અમેરિકા તથા યુકે જેવા મોટા અર્થતંત્રો પણ આજ દિશામાં જઈ રહ્યા છે એવી ખતરાંની ઘંટી વગાડાઈ હતી. આ ઉપરાંત, અમેરિકામાં બેરોજગારીનો આંક દ્વીઅંકની નજીક રહ્યો છે અને અંદાજે બે કરોડ અમેરિકનોએ નવી નોકરી મેળવવાની આશા છોડી દીધી છે અથવા અર્ધરોજગાર છે. નીચા વ્યાજદરથી મધ્યમ ગાળે ફુગાવાજન્ય સ્થિતિ ઊભી થઈ શકે છે જેને પરિણામે ચલણમાં નોંધપાત્ર અચોક્કસતા આવી શકે છે.

૨૦૧૦માં નાણાંકીય બજારોમાં સુધારો જોવાયો છે અને કોમોડિટીસમાં ભારે તેજી આવી છે- વર્ષ દરમિયાન સોનામાં ૨૯ ટકાની વૃદ્ધિ થઈ છે - અને અમેરિકાના ઉપભોગતાઓએ પોતાની ખરીદીની ભૂખને સંપૂર્ણ રીતે છોડી દીધી નથી. ચીન અને ભારતમાં નવા આર્થિક પગલાંઓથી  જોરદાર વિકાસ જળવાઈ રહ્યો છે અને વૈશ્વિક બજારો પર પોતાના પ્રભુત્વમાં નોધપાત્ર વધારો હાંસલ કર્યો છે અને પશ્ચિમી રાષ્ટ્રો ચીનની વેપાર તથા કરંસી નીતિથી સતત ચિંતીત છે.

એકંદરે કહીએ તો પોલીશ્ડ હીરાની બજારમાં સુધારો, રફના ભાવમાં મજબૂતાઈ અને રીટેલ ક્ષેત્રે મધ્યમ સુધારો શરૂ થવા સાથે ૨૦૧૦નું વર્ષ હીરા ઉદ્યોગ માટે યાદગાર બની રહેશે.

## ૨. પોલીશ્ડ બજાર

### અ. ભાવમાં મજબૂતાઈ

૨૦૦૯ માં ૭.૬૦ ટકાના ઘટાડા બાદ ૨૦૧૦ દરમિયાન પ્રમાણિત પોલીશ્ડ હીરાના સરેરાશ ભાવમાં ૧૦.૩૦ ટકાનો વધારો થયો હતો. ૨૦૦૯માં અનુભવાયેલી નબળી આર્થિક સ્થિતિની સરખામણીએ ૨૦૧૦ના પ્રથમ છ માસમાં મજબૂત સુધારો થયો હતો અને મંદીના ખરાબ દિવસો પૂરા થયા હોવાનો વિશ્વાસ વધ્યો હતો. આનાથી વિપરીત ૨૦૧૦ના બીજા છ માસમાંનોંધપાત્ર સ્થિરતા આવી હતી અને સાવધાની પ્રવર્તાઈ હતી. ઊંચા રફના ભાવની કસર પોલીશ્ડમાં કાઢી લેવાના કટર્સના પ્રયાસોને ખરીદદારોએ ખાળ્યા હતા.

વર્ષ દરમિયાન ઊંચા ભાવ સામે થયેલી બૂમાબૂમ નાતાલની રીટેલ મોસમ હકારાત્મક રહેવાને પગલે હળવી બનતાં ડીસેમ્બરમાં ભાવમાં ફરી મજબૂતાઈ જોવાઈ હતી.

મોટાભાગની જાતો જેમાં ૨૦૦૯માં ઘટાડો થયો હતો તેમાં ૨૦૧૦માં સુધારો થયો હોવાનું નીચેના કોષ્ટક તથા આલેખ ૧ અને ૨ પરથી જાણી શકાય છે અને ગત વર્ષ ૨૦૦૮ના પ્રારંભિક સ્તરે પૂરું થયું હોવાનું સમજી શકાય છે. આમ છતાં આ ભાવ હજુ પણ ૨૦૦૮ના ટોચ મથાળેથી નીચા છે.

| પ્રમાણિત પોલીશ્ડ હીરાના ભાવમાં ફેરબદલ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| શ્રેણી | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ’૧૦ના પ્રથમ છમાસ | ’૧૦ના બીજા છ માસ |
| સરેરાશ | રેપનેટ | ૪.૧% | -૭.૬% | ૧૦.૩% | ૯.૩% | ૧.૦% |
| ૦.૫ કેરેટ | રેપનેટ | -૧.૪% | -૫.૩% | ૪.૧% | ૩.૭% | ૦.૪% |
| ૧ કેરેટ | રેપનેટ | ૭.૭% | -૮.૨% | ૧૨.૩% | ૧૦.૪% | ૧.૭% |
| ૩ કેરેટ | રેપનેટ | ૪.૫% | –૧૧.૩% | ૨૪.૬% | ૨૨.૨% | ૨.૦% |
| ૧કેરેટ ડી- આઈએફ | રેપનેટ | ૧૯.૦% | -૧૧.૧% | ૧૧.૪% | ૧૦.૬% | ૦.૭% |
| ૧ કેરેટએફ-વીવીએસ૨ | રેપનેટ | ૭.૯% | -૯.૬% | ૯.૧% | ૭.૬% | ૧.૪% |
| ૧ કેરેટ એચ–વીએસ૨ | રેપનેટ | ૨.૯% | -૫.૯% | ૧૧.૫% | ૮.૬% | ૨.૬% |
| ૧ કેરેટ કે-એસઆઈ૨ | રેપનેટ | ૮.૨% | -૭.૬% | ૭.૦% | ૩.૬% | ૩.૩% |
| મેલે | રેપનેટ લિલામ | -૨૧.૫% | ૪૨.૫% | ૫૭.૦% | ૨૯.૧% | ૨૧.૬% |

**કોષ્ટક ૧**

**નોંધ: રેપનેટ RAPI: રેપનેટ આસ્કીંગ પ્રાઈસ ઈન્ડેક્સ પર આધાર રાખે છે અને RAPI D-H, IF-VS2, VG + હીરા માટેના રેપનેટના શ્રેષ્ઠ સરેરાશ ભાવ છે.**




**કોષ્ટક – ૨**

**નોંધ: રેપાપોર્ટ સ્પે ૨, રાઉન્ડ, , D-H, IF-VS2, X, X-VG, GIA-HRD-AGS**

Copyright © 2011 by Martin Rapaport

## બી. વેપારમાં મજબૂતાઈ

ઉપભોગ બજારોએ ૨૦૦૯થી તેમની પોલીશ્ડ હીરાની ખરીદીમાં નોંધપાત્ર વધારો કરતાં માંગમાં વૃદ્ધિ થઈ હતી. ચીન અને ભારતમાં થયેલા આર્થિક વિકાસથી આ રાષ્ટ્રોમાં પોલીશ્ડ હીરાની માંગ વધી છે જ્યારે અમેરિકામાં રીટેલરોનો વિશ્વાસ ૨૦૦૯ની મંદી બાદ ફરી વધ્યો છે અને જાપાનમાં પણ સતત ચાર વર્ષના ઘટાડા બાદ વધારો થયો છે (જુઓ કોષ્ટક ૩)

વર્ષના પ્રથમ ૧૧ માસ દરમિયાન, પોલીશ્ડની સૌથી મોટી ઉપભોગ બજાર અમેરિકા ખાતે આયાતમાં વાર્ષિક ધોરણે ૪૮ ટકાનો વધારો નોંધાયો છે પરંતુ ૨૦૦૮ના આજ સમયગાળા કરતાં તે ૮ ટકા નીચો હતો. ૨૦૦૮ની સરખામણીએ ૨૦૧૦ના અંતિમ આઁકડા હજુ સુધરશે કારણ કે ૨૦૦૮નો ડિસેમ્બર મહિનો મંદીનો મહિનો હતો.

| ઉપભોગ બજારમાં પોલીશ્ડ હીરાનો વેપાર (મિલિયન ડોલરમાં - ૧ મિલિયન એટલે ૧૦ લાખ) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાષ્ટ્ર | સમયગાળો | આયાત | | | | | નિકાસ | | |
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % |
| અમેરિકા | જાન્યુ.નવેં. | ૧૮,૦૨૭ | ૧૧૨૫૯ | ૧૬૬૧૦ | ૪૮ | ૧૩૪૯૬ | ૮૭૭૪ | ૧૨૬૦૮ | ૪૪ |
| હોંગકોંગ | જાન્યુ.સપ્ટે. | ૮૯૨૭ | ૭૦૪૨ | ૧૦૦૧૬ | ૪૮ | ૬૧૬૬ | ૫૦૮૦ | ૭૨૯૯ | ૪૪ |
| જાપાન | જાન્યુ.-નવેં. | ૭૨૭ | ૫૭૫ | ૬૪૨ | ૧૨ | | | | |
| ચીન | જાન્યુ.-જૂન | | ૩૦૦ | ૫૭૭ | ૯૨ | | | | |

**કોષ્ટક – ૩**

**નોંધઃ** પ્રસ્તુત આંકડા તાજા જ છે અને ૧૮ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ પ્રકાશિત થયેલા છે.
**માહિતી :** અમેરિકા- વાણિજ્ય વિભાગ, હોંગકોંગ - ડાયમન્ડ ફેડરેશન ઓફ હોંગકોંગ, ચીન- ડાયમન્ડ એડમિનિસ્ટ્રેશન ઓફ ચીન,જાપાન-મોમોઝાવા એન્ડ કંપની, નાણાં વિભાગના કસ્ટમ્સ બ્યૂરો પાસેથી મેળવાયેલ માહિતીને આધારે.

ઉત્પાદક તથા વેપાર કેન્દ્રો ખાતેથી પોલીશ્ડના વેપારમાં ૨૦૦૯થી નોંધપાત્ર સુધારો થયો છે અને વેચાણકારોએ ઉપભોગ બજારમાં થયેલા વિકાસથી કમાણી કરી છે. ભારતનું વેપાર સ્તર ૨૦૦૮ના સ્તરને પાર કરી ગયું છે જ્યારે બેલ્જિયમ તથા ઈઝરાયલ ખાતે આયાતમાં જોરદાર વધારાથી એવા સંકેત મળે છે કે આ કેન્દ્રોમાં મજબૂત આંતર-ડીલર વેપાર થઈ રહ્યો છે અથવા આ ક્ષેત્રના ડીલરો ભાવ વધવાની આશાએ માલનો સ્ટોક કરી રહ્યા છે. (જૂઓ કોષ્ટક ૪)

સંપૂર્ણ વર્ષ દરમિયાન પોલીશ્ડનો વેપાર મોટેભાગે ઊંચા ભાવ સ્તરથી પ્રભાવિત રહ્યો હતો. રફના ઊંચા ભાવને કારણે ઉત્પાદન માર્જિન પર દબાણ રહ્યું હતું અને પોલીશ્ડના ખરીદદારો વેચાણકારોના ઊંચા ભાવ સામે પ્રતિરોધ કરતાં હતા.

| ઉત્પાદન અને વેપાર કેન્દ્રો ખાતે પોલીશ્ડ હીરાનો વેપાર (મિલિયન ડોલરમાં - ૧ મિલિયન એટલે ૧૦ લાખ) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાષ્ટ્ર | સમયગાળો | નિકાસ | | | | | આયાત | | |
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % |
| ભારત (કુલ આંક) | જાન્યુ.નવેં. | ૧૪૧૨૪ | ૧૩૨૭૦ | ૨૦૮૪૭ | ૫૭ | ૬૯૧૯ | ૮૭૩૮ | ૧૨૫૯૯ | ૪૪ |
| બેલ્જિયમ(કુલ આંક) | જાન્યુ.નવેં. | ૧૧૬૫૩ | ૭૮૫૪ | ૧૦૦૮૪ | ૨૮ | ૧૦૬૬૬ | ૬૬૧૭ | ૯૫૧૫ | ૪૪ |
| ઈઝરાયલ(ચોખ્ખો આંક) | જાન્યુ.ડીસેં. | ૬૨૩૯ | ૩૯૨૪ | ૫૮૩૨ | ૪૯ | ૪૩૬૫ | ૨૫૦૭ | ૪૨૧૮ | ૬૮ |

**કોષ્ટક – ૪**

**નોંધઃ** પ્રસ્તુત આંકડા તાજા જ છે અને ૧૮ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ પ્રકાશિત થયેલા છે.
**માહિતી :** ભારત- જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલ, બેલ્જિયમ- એન્ટવર્પ વર્લ્ડ ડાયમન્ડ સેન્ટર, ઈઝરાયલ-ઉદ્યોગ ખાતું, વેપાર અને કામદાર.

Copyright © 2011 by Martin Rapaport

# ૩. રફ (કાચા) હીરાની બજાર

### અ. માંગ

હીરા ક્ષેત્રની અન્ય બજારના વિકાસની સરખામણીએ રફ હીરાની બજારનો વિકાસ સૌથી વધુ રહ્યો છે. જે રફ હીરાના ભાવ પરથી જાણી શકાય છે.

આ સુધારા માટે અનેક કારણો છે, જેમાંના કેટલાક નીચે પ્રમાણે છે:

- ચીન અને ભારતમાં ઉપભોગ બજારનો મજબૂત વિકાસ તથા અમેરિકામાં સુધારાના મળી રહેલા સંકેત.
- ડી બીઅર્સ દ્વારા અપનાવાયેલી મર્યાદિત ઉત્પાદનની નીતિને કારણે માંગ કરતાં પૂરવઠો ઓછો રહ્યો જેને પગલે વર્ષના અંતે રફ તથા પોલીશ્ડની બજારમાં માલ ખેંચ સર્જાઈ હતી.
- બેલ્જિયમ અને ઈઝરાયલની બેન્કોની સરખામણીએ ભારતીય બેન્કોની સરળ ધિરાણ નીતિની મદદથી સુરત સ્થિત ઉત્પાદકોની રફ હીરા ખરીદવાની તાકાતમાં થયેલા વધારાથી ભારતમાં મજબૂત માંગ ઊભી થઈ હતી.
- ટૂંકા ગાળાની માંગ અને ઉત્પાદનમાં સમાનતા નહી હોવા છતાં ભારતના ઉત્પાદકોનો પોતાના કારખાના સંપૂર્ણ ક્ષમતાએ ચાલે તેવા પ્રયાસ
- પોલીશ્ડ અને રફ હીરાના ભાવ ઊંચકાશે એવી વેપારીઓની ધારણાંએ ભાવમાં થયેલો સટ્ટો.

આ પરિબળોને કારણે રફ હીરાના સૌથી મોટા અને પ્રભુત્વ ધરાવતા ઉત્પાદક કેન્દ્ર ભારત તેના આયાત સ્તરને ૨૦૦૮ના સ્તર કરતાં ઊંચું રાખવામાં સફળ રહ્યું હતું. બેલ્જિયમની રફ હીરાની નિકાસ તેની આયાત કરતાં વધુ રહી હતી જે એન્ટવર્પ ઉત્પાદક કેન્દ્ર કરતાં વેપાર કેન્દ્ર તરીકે વધુ મજબૂત બની રહ્યું હોવાના સંકેત આપે છે. આજરીતે ઈઝરાયલની રફની નિકાસ તેની આયાત કરતાં ઝડપી દરે વધી રહી છે. (જૂઓ કોષ્ટક ૫)

| ઉત્પાદન અને વેપાર કેન્દ્રો ખાતે રફ હીરાનો વેપાર (મિલિયન ડોલરમાં - ૧ મિલિયન એટલે ૧૦ લાખ) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રાષ્ટ્ર | સમયગાળો | આયાત | | | | નિકાસ | | | |
| | | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૦૯ થી ફેરફાર % |
| ભારત (કુલ આંક) | જાન્યુ.નવેં. | ૯૫૧૬ | ૬૧૯૫ | ૧૦૦૮૯ | ૬૩ | ૭૬૩ | ૬૩૩ | ૮૨૫ | ૩૦ |
| બેલ્જિયમ(કુલ આંક) | જાન્યુ.નવેં. | ૧૦૨૪૩ | ૫૮૮૭ | ૮૭૬૪ | ૪૯ | ૧૦૪૨૨ | ૬૫૪૮ | ૯૮૫૨ | ૫૦ |
| ઈઝરાયલ(ચોખ્ખો આંક) | જાન્યુ.ડીસેં. | ૪૪૭૫ | ૨૪૯૪ | ૩૭૫૫ | ૫૧ | ૩૩૧૪ | ૧૮૮૮ | ૩૦૬૦ | ૬૨ |

કોષ્ટક - ૫

**નોંધ:** પ્રસ્તુત આંકડા તાજા જ છે અને ૧૮ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ પ્રકાશિત થયેલા છે.
**માહિતી :** ભારત- જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ, બેલ્જિયમ- એન્ટવર્પ વર્લ્ડ ડાયમન્ડ સેન્ટર, ઈઝરાયલ-ઉદ્યોગ ખાતું, વેપાર અને કામદાર., હોંગકોંગ - ડાયમન્ડ ફેડરેશન ઓફ હોંગકોંગ.

Copyright © 2011 by Martin Rapaport

### બ. ખાણિયાઓ માટે સારું વર્ષ

ઉત્પાદક તથા વેપાર રાષ્ટ્રો ખાતે રફની આયાત વધી હોવાનું માઈનિંગ કંપનીઓના વધેલા વેચાણ આંકો પરથી સાબિત થાય છે. (જૂઓ કોષ્ટક ૬) ડાયમન્ડ ટ્રેડિંગ કંપની (DTC) મારફત ડી બીઅર્સનું વેચાણ અંદાજે ૪૮ ટકા વધીને આશરે ૪.૮૦ અબજ ડોલર જેટલું થયું છે જ્યારે રશિયાના સરકારી ભંડાર ગોખરણને બાદ કરતાં અલરોસાનું બજારમાં વેચાણ ૯૦ ટકા વધીને ૩.૪૮ અબજ ડોલર (૯૬.૨૯ અબજ રૂબલ) થયું છે. પુરક બજારમાં પણ મજબૂત માંગ રહી હતી અને ૨૦૧૦ દરમિયાન DTC ના બોક્સ ઊંચા ભાવે વેચાતા હતા.

| ચોક્કસ ખાણ કંપનીઓ ખાતે હીરાનું વેચાણ (મિલિયન ડોલરમાં - ૧ મિલિયન એટલે ૧૦ લાખ) | | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ (અંદાજીત) | '૦૮-'૦૯ | '૦૯-'૧૦ |
| ડી બીઅર્સ | $૫,૯૩૦ | $૩,૨૪૦ | $૪,૭૯૫ | -૪૫% | ૪૮% |
| અલરોસાથી બજાર | $૨,૨૨૭ | $૧,૮૩૪ | $૩,૪૮૦ | -૧૮% | ૯૦% |
| અલરોસાથી ગોખરણ | $૨૭૫ | $૮૮૭ | | ૨૨૩% | ઉપલબ્ધનથી |
| બીએચપી બિલીટોન | $૫૭૨ | $૬૮૮ | $૧,૧૧૮ | ૨૦% | ૬૩% |
| રીઓ ટિન્ટો | $૮૪૦ | $૪૫૦ | $૬૭૬ | -૪૬% | ૫૦% |
| હેરી વિન્સટન | $૩૨૮ | $૧૮૮ | $૨૭૧ | -૪૩% | ૪૪% |
| પેટ્રા ડાયમન્ડ્સ | $૯૩ | $૧૦૯ | $૨૦૫ | ૧૭% | ૮૮% |
| કુલ | $૧૦,૨૬૫ | $૭,૩૯૬ | $૧૦,૫૪૫ | -૨૮% | ૪૩% |

કોષ્ટક ૬

**નોંધ:** ૨૦૦૮, ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૦ના પ્રથમ છ માસના આંકડા કંપનીના રીપોર્ટમાંથી મેળવાયા છે. ૨૦૧૦ના ડેટામાં રેપાપોર્ટના અંદાજોનો સમાવેશ થાય છે.
રીપોર્ટીંગનો સમયગાળો દરેક કિસ્સામાં કેલેન્ડર વર્ષને સુસંગત નથી.

- ડી બીઅર્સ, અલરોસા, બીએચપી બિલીટોન, રીઓ ટિન્ટો, હેરી વિન્સટન અને પેટ્રા ડાયમન્ડ્સ - આ છ કંપનીઓનું મળીને સંયુક્ત વેચાણ ૨૦૦૮ના સ્તરને આંબી ગયું હતું. જ્યારે ઉત્પાદન બે વર્ષ પૂર્વેના સ્તર કરતાં ઘણું નીચું રહ્યું છે અને ૨૦૧૦માં સાધારણ સુધારો દર્શાવે છે. (જૂઓ કોષ્ટક ૭)

| ચોક્કસ ખાણ કંપનીઓ ખાતે હીરાનું ઉત્પાદન (કેરેટસના '૦૦૦) | | | | | |
|---|---|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ (અંદાજીત) | '૦૮-'૦૯ | '૦૯-'૧૦ |
| ડી બીઅર્સ | ૪૮,૧૩૨ | ૨૪,૬૦૦ | ૩૩,૪૬૫ | -૪૯% | ૩૬% |
| અલરોસા | ૩૬,૦૦૦ | ૩૨,૭૯૧ | ૩૪,૩૩૬ | -૯% | ૫% |
| બીએચપી બિલીટોન | ૨,૮૫૧ | ૩,૩૯૪ | ૨,૯૩૩ | ૧૯% | -૧૪% |
| રીઓ ટિન્ટો | ૨૦,૮૧૭ | ૧૪,૦૨૫ | ૧૩,૮૪૩ | -૩૩% | -૧% |
| હેરી વિન્સટન | ૩,૬૯૦ | ૨,૨૨૬ | ૨,૬૮૩ | -૪૦% | ૨૧% |
| પેટ્રા ડાયમન્ડ્સ | ૬૪૯ | ૧,૧૬૧ | ૧,૧૩૨ | ૭૯% | -૨% |
| કુલ | ૧૧૨,૧૩૯ | ૭૮,૧૯૭ | ૮૮,૩૯૩ | -૩૦% | ૧૩% |

કોષ્ટક ૭

નોંધ: ૨૦૦૮, ૨૦૦૯ અને વર્ષ ૨૦૧૦ના પ્રથમ છ માસના આંકડા કંપનીના રીપોર્ટમાંથી મેળવાયા છે.
૨૦૧૦ના ડેટામાં રેપાપોર્ટના અંદાજોનો સમાવેશ થાય છે.
રીપોર્ટીંગનો સમયગાળો દરેક કિસ્સામાં કેલેન્ડર વર્ષને સુસંગત નથી.

રેપાપોર્ટના અંદાજો એવા સંકેત આપે છે કે ૨૦૧૦માં વૈશ્વિક ઉત્પાદન અંદાજે ૯ ટકા વધીને ૧૩.૬૪ કરોડ કેરેટ રહ્યું છે જે ૨૦૦૮ના સ્તર કરતાં ૧૬ ટકા નીચું છે (જૂઓ કોષ્ટક ૮). ડી બીઅર્સ તેની ખાણનો સંપૂર્ણ ક્ષમતાએ ઉપયોગ કરતી નહીં હોવાથી ઉત્પાદન મોટે પાયે ઓછું રહ્યં હતું જ્યારે મોટાભાગની અન્ય ખાણ કંપનીઓ તેની સંપૂર્ણ ક્ષમતાએ કામ કરતી હોવાનું જણાયું છે. રીઓ ટિન્ટોનું ઉત્પાદન મર્યાદિત રહ્યું હતું કારણ કે તેણે તેની અર્જિલ ખાણ ખાતે ભૂગર્ભ કામગીરી હાથ ધરી છે, મંદીને કારણે કંપનીએ આ પ્રોજેક્ટ ઢીલમાં મૂક્યો હતો.




**કોષ્ટક ૮**

**નોંધ:** ૨૦૦૮ તથા ૨૦૦૯ના ડેટા કિમ્બર્લી પ્રોસેસમાંથી મેળવાયા છે. ૨૦૧૦ના ડેટા રેપાપોર્ટના અંદાજો પર આધારિત છે.

ખાણ કંપનીઓ દ્વારા -ખાસ કરીને ડી બીઅર્સ દ્વારા તેના ઉત્પાદનને મર્યાદિત રાખીને અને રશિયાની સરકારે તેના ૧ અબજ ડોલરથી ઉપરના ગોરખાઁ ભંડારને અટકાવીને- કરાયેલી પૂરવઠા ખેંચને વધુ પડતી ચગાવાઈ હોવાનું જણાય છે.

### ક. રફ હીરાના ભાવ

ભાવમાં મજબૂત સુધારાને કારણે રફ હીરાનું વેચાણ વધ્યું હતું. ૨૦૧૦ દરમિયાન રફ હીરાના ભાવમાં આશરે ૨૧ ટકાનો વધારો થયો હોવાનો રેપાપોર્ટે અંદાજ મૂક્યો છે અને આ વર્ષ ૨૦૦૯ના પ્રથમ ત્રિમાસિક ગાળાના સ્તર કરતાં ૯૦ ટકા ઉપર પૂરુ થયું હતું. મંદીના ગાળામાં ૨૦૦૯નો પ્રથમ ત્રિમાસિક ગાળો સૌથી વધુ નબળો રહ્યો હતો.

માઈનિંગ કંપની ખાતેના ભાવ ૨૦૦૯ના અંતિમ ભાગમાં જ મંદી પૂર્વેના સ્તરે પાછા ફર્યા હતાં. શ્રેષ્ઠ માલ ઉત્પન્ન કરતી ખાણો જેવી કે જેમ ડાયમન્ડની લેટસેન્ગ માઈનના ભાવ અન્ય ખાણોની સરખામણીએ મોડેથી સુધર્યા હતા (જૂઓ કોષ્ટક ૯) જો કે ચોથા ત્રિમાસિક ગાળાના ભાવ જે જેમ ડાયમન્ડસ દ્વારા હજુ પૂરા પડાયા નથી તે વધુ ઊંચા આવવાની શકયતા છે.

Copyright © 2011 by Martin Rapaport




**કોષ્ટક ૯**

**નોંધ:** જેમ ડાયમન્ડસ અને પેટ્રા ડાયમન્ડસ દ્વારા પૂરા પડાયેલા આંકડા પર આધારિત રેપાપોર્ટ ઈન્ડેક્સ

### ડ. ઉત્પાદન માર્જિન્સ

રફના ભાવમાં ઉછાળો, જેને કારણે સંપૂર્ણ વર્ષ દરમિયાન પૂરક બજારના ભાવ ઊંચકાયા હતા, તે ઉત્પાદકોના પોલીશ્ડ હીરાના ભાવમાં મંદ ગતિના વધારા સામે દબાતો રહ્યો હતો.

રેપાપોર્ટના અંદાજો પર આધારિત રફના  સરેરાશ ભાવનો ઈન્ડેક્સ એમ જણાવે છે કે ૨૦૧૦માં ભાવ ૨૧ ટકા વધ્યા છે. જ્યારે પ્રમાણિત ૧ - કેરેટ હીરાના સરેરાશ ભાવ - રેપનેટમાં દર્શાવ્યા પ્રમાણે ગત વર્ષમાં ૧૦ ટકા વધ્યા છે. (જૂઓ કોષ્ટક ૧૦)

પરિણામ એ રહ્યું છે કે ૨૦૧૦નું વર્ષ પોલીશ્ડ ડીલરો માટે નફાકારક રહ્યું હતું, કટરો માટે કપરાં ચઢાણ હતા જયારે ઉત્પાદન માર્જિન સતત દબાણ હેઠળ હતું.




**કોષ્ટક ૧૦**

## ૪. રીટેલ માર્કેટ

અમેરિકામાં નાતાલની રીટેલ મોસમ અપેક્ષા કરતાં વધુ સારી રહી હોવાના અહેવાલથી રફ અને પોલીશ્ડ હીરાની બજારમાં વર્ષ ૨૦૧૦ના અંતમાં વિશ્વાસ વધ્યો હતો.

પૂર્વના દેશો તથા અમેરિકામાં આવેલા સુધારા અને ખર્ચાળ લકઝરી ક્ષેત્રમાં એકંદર મજબૂત સુધારાને કારણે ગત વર્ષ દરમિયાન એકંદર વૈશ્વિક રીટેલ ઝવેરાત બજારમાં સ્થિર સુધારો આવ્યો હતો.

માંગમાં વધારો:

- અમેરિકાના વાણિજ્ય વિભાગની માહિતી પ્રમાણે અમેરિકામાં ઝવેરાતની મોસમી રીટેલ ઘરાકી જાન્યુઆરીથી નવેમ્બર દરમિયાન વાર્ષિક ધોરણે ૫.૭૦ ટકા વધીને ૨૭.૫૪ અબજ ડોલર રહી હતી..
- અમેરિકાના કામદાર વિભાગના કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેકસ (કોષ્ટક ૧૧) પ્રમાણે ફુગાવાની દૃષ્ટિએ જોઈએ તો વેચાણ લગભગ એટલું જ રહ્યું હતું અને ઝવેરાતના ભાવમાં ૨૦૧૦માં ૭ ટકાનો વધારો થયો હતો.




**કોષ્ટક ૧૧**

**માહિતી:** અમેરિકાનો વાણિજ્ય વિભાગ (વેચાણ): અમેરિકાના કામદાર વિભાગ (ભાવ)

- વર્ષના અંતના રજાના સમયગાળા એટલે કે નવેમ્બરથી ડીસેમ્બર દરમિયાનના પ્રારંભિક અહેવાલો ઘરાકી હકારાત્મક રહી હોવાના સંકેત આપે છે અને ઝવેરાતનું વેચાણ ધારણાંઓ પાર કરી ગયું હતું.
- ટિફની એન્ડ કંપનીનું નાતાલ પેટેનું વેચાણ ૧૧ ટકા વધીને વિક્રમી ૮૮.૯૦ કરોડ ડોલર રહ્યું હતું, જ્યારે સિગ્નેટ જવેલર્સના વેચાણમાં તેની અમેરિકાની લકઝરી બ્રાન્ડ જારડને કારણે ૬ ટકાની વૃ દ્ધિ થઈ હતી આ ઉપરાંત ઝેલ કોર્પોરેશનનું વેચાણ ૮ ટકાની વધીને ૫૩.૩૦ કરોડ ડોલર નોંધાયું હતું.(જૂઓ કોષ્ટક ૧૨) અમેરિકામાં જવેલરી સ્ટોરનું કુલ મોસમી વેચાણ નવેમ્બરમાં વાર્ષિક ધોરણે ૫.૪૦ ટકા વધીને ૨.૫૬ અબજ ડોલર રહ્યું હતું. ભાવ પણ નવેમ્બર ૨૦૦૯ની સરખામણીએ ૫ ટકા ઊંચા રહ્યા હતાં.
- ચીનના નેશનલ બ્યુરો ઓફ સ્ટેટેસ્ટિકસ દ્વારા પ્રકાશિત કરાયેલા આંકડા પ્રમાણે જાન્યુઆરીથી નવેમ્બર દરમિયાન ચીનના સોનાચાંદીના ઝવેરાતમાં રીટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૪૬ ટકાનો વધારો થઈને ૧૭ અબજ ડોલર રહ્યું છે આ બજારમાં વધુ વૃદ્ધિના પણ સંકેત અપાયા છે.

Copyright © 2011 by Martin Rapaport




કોષ્ટક ૧૨

**નોંધ:** રેપાપોર્ટનો ઈન્ડેક્સ ટિફની, સિગ્નેટ અને ઝેલ દ્વારા રજૂ કરાયેલા આંકડા પર આધારિત છે.

## ૫. ૨૦૧૧નું વર્ષ કેવું રહેશે

૨૦૧૦ માં રજાની રીટેલ મોસમી માંગ ધાર્યા કરતાં ઘણી સારી રહેતાં રફ હીરાની માંગ મજબૂત રહેવાની અપેક્ષા સાથે ૨૦૧૧ના પ્રારંભમાં ધ્યાન ફરી રફ બજાર તરફ વળ્યું છે. આને પરિણામે ભાવમાં સુધારો જળવાઈ રહેશે અને ખાણ કંપનીઓ ભાવ વૃદ્ધિનો લાભ લઈ લેવા પૂરવઠો વધારે તેવી શક્યતા છે.

પૂરવઠામાં નોંધપાત્ર વધારો એટલે કે જો ડી-બીઅર્સ તેની સંપૂર્ણ ક્ષમતાએ કામ કરી ઉત્પાદન વધારે અને તેની સાથોસાથ ગોખરણ ભંડાર ખાતેથી અને ઝિમ્બાબ્વેના મરાંગે ક્ષેત્રમાંથી માલ આવવાનું શરૂ થશે તો ૨૦૧૧મૃાં લાંબા ગાળે રફના ભાવ દબાઈ શકે છે.

નાતાલમાં ઝવેરાતનું રીટેલ વેચાણ હકારાત્મક રહ્યું હોવાનું સમર્થન મળશે તો ડી બીઅર્સ ૨૦૧૧માં તેના પૂરવઠામાં અગાઉ જણાવ્યા કરતાં વધુ આક્રમક રીતે વધારો કરે તેવી શક્યતા છે. તેના ભાવ વ્યૂહમાં પણ આજ નીતિ લાગુ થઈ શકે છે. પોતે બજારની સ્થિતિ પ્રમાણે રહેશે એમ ગોખરણે જાહેર કર્યું છે જ્યારે ઝિમ્બાબ્વે સરકારને વેચાણ હાથ ધરવા કિમ્બરલી પ્રક્રિયાની માન્યતા મળી રહેશે તો તે વ્યવહારુ રહેશે એવી અપેક્ષા રખાતી નથી. આની અસર બજારમાં ૨૦૧૧ના અંતે જ જોવા મળી શકશે

રફ હીરા માટેનું ટૂંકા ગાળાનું ભાવિ એટલે કે ૨૦૧૧ના પ્રથમ છ માસ સુધી તો અતિ તેજીમય બની રહેશે. પોલીશ્ડ હીરામાં વર્તમાન પ્રવાહ ચાલુ રહેશે તો હીરા બજારના દરેક ક્ષેત્રમાં વિકાસ ૨૦૧૦ની જેમ જળવાઈ રહેવાની ધારણાં રખાય છે.

આમછતાં રફ અને પોલીશ્ડ હીરાની બજારની અસમતુલા ચાલુ રહેવાની અપેક્ષા છે. રફ માટેની મજબૂત માંગથી માઈનિંગ કંપનીઓ પ્રોત્સાહિત થવાની શક્યતા છે. ૨૦૧૧ના પ્રથમ છ માસ સુધી રફ હીરા માટે મજબૂત માંગ જળવાઈ રહેવાની આશા છે. અને કોઈ મોટી આર્થિક ઊથલપાથલને બાદ કરીએ તો પોલીશ્ડ તથા હીરા જડીત ઝવેરાત માટેની રીટેલ માંગ ૨૦૧૦માં જે ગતિએ વધી હતી તેટલી જ ગતિએ વધવાનું ચાલુ રહેશે.

**વધુ માહિતી અથવા તમારા કોઈ પ્રશ્ન અથવા કોઈ ટિપણી હોય તો કૃપા કરી સંપર્ક કરોઃ**

**અવિ ક્રેવિટઝ**
M. + 972-54-345-0084
Email: avi.krawitz@diamonds.net

**અખબારી પ્રતિનિધિઓ માટે**

અલિસા ગોરેન
M. +972-54-345-1317
Email: alissa.goren@diamonds.net

હીરા બજારના સમાચાર તથા ભાવ અંગે જાણવા માટેજૂઓ www.diamonds.net અને www.rapnet.com

રેપાપોર્ટ જૂથ બદલઃ રેપાપોર્ટ એ વૈશ્વિક હીરા બજારના મૂક્ત, યોગ્ય અને સ્પર્ધાત્મક વિકાસ માટે મૂલ્યવર્ધિત સેવાઓ પૂરી પાડતી કંપનીઓનું આંતરરાષ્ટ્રીય જોડાણ ધરાવતું જૂથ છે. ૧૯૭૮માં સ્થપાયેલ રેપાપોર્ટના હીરા સંબંધિત અહેવાલ હીરાના ભાવ તથા બજારની સ્થિતિ જાણવાના મુખ્ય સ્રોત છે. પ્રકાશન, સંશોધન તથા માર્કેટિંગ સેવાઓ, ઈન્ટરનેટ માહિતી તથા ડાયમન્ડ ટ્રેડિંગ નેટવર્ક, રફ તથા પોલીશ્ડ હીરાના વૈશ્વિક ટેન્ડરો, હીરાને પ્રમાણપત્ર, ગુણવત્તા નિયમન, ફરજપાલન, શિપિંગ તથા નાણાંકીય સેવાઓનો જૂથની પ્રવૃતિમાં સમાવેશ થાય છે. હીરા તથા ઝવેરાતના યોગ્ય વેપાર માટેની માર્કેટનો વિકાસ તથા હીરા માટેની વાયદા બજારની રચના એ જૂથની મુખ્ય પ્રવૃત્તિ છે.

વધારાની માહિતી www.diamonds.net પર ઉપલબ્ધ છે.

કોપીરાઈટ©૨૦૧૧ માર્ટિન રેપાપોર્ટ દ્વારા. દરેક હક્કો અનામત છે. રેપાપોર્ટ અમેરિકા કં, સ્યૂટ ૧૦૦, ૧૩૩ ઈ, વાર્મ સ્પ્રિંગ્સ રોડ, લાસ વેગાસ, નેવાડા, અમેરિકા +1.702.893.9400. રેપાપોર્ટનો આ રીસર્ચ રિપોર્ટ માત્ર તમારી વ્યકિતગત માહિતી માટે છે. રેપાપોર્ટ જૂથની કંપની દ્વારા કંઈપણ પ્રકાશિત કરાયું નથી અને આ અહેવાલમાંની માહિતી એક વ્યકિતગત ધોરણની અથવા બજાર સંબંધિત સલાહ તરીકે જ ગણવી. રોકાણ અથવા ખરીદીનો કોઈપણ નિર્ણય નિષ્ણાતની સલાહ લીધા બાદ જ લેવો. આ અહેવાલમાં અપાયેલ દરેક મંતવ્ય અને અંદાજોને આ અહેવાલની તારીખે રેપાપોર્ટના અભ્યાસપૂર્ણ તારણ ગણવાનું રહેશે જે કોઈપણ નોટિસ આપ્યા વગર બદલી શકાશે અને તે સદભાવ સાથે પરંતુ કોઈપણ કાનૂની જવાબદારી વગર અપાઈ છે. અમારા બૌદ્ધિક મિલકત હકને માન આપવા બદલ આભાર.